આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૫ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૨, સોમવાર; નિજ ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


રાજકીય નેતાઓનું સંમેલન એટલે એકમેકને પછાડવા રમાતી શતરંજની રમત

- અલિસ કૂક

## વિશ્વ પ્રસિદ્ધ જાદુગર કે. લાલનું અવસાન

### મગજની ગાંઠના કેન્સરના કારણે બંને કિડની ફેલ થઈ જતાં ૮૮ વર્ષિય પીઢ જાદુગરનું અવસાન

ગાંધીનગર, તા. ૨૩

સતત છ દાયકા સુધી વિશ્વભરમાં પોતાના જાદુના કરતબથી નામના મેળવનાર જાદુગર કે. લાલનું ૮૮ વર્ષની વયે અવસાન થયું છે. વિશ્વભરમાં ફેલાયેલા તેમના ચાહકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતના વતની કે. લાલે ગુજરાતનું નામ પોતાની કળાના જોરે દેશ-વિદેશમાં ગુંજતુ કર્યુ હતું.



હજુ થોડાક સમય પહેલા જ ગાંધીનગર પધારેલા કે. લાલે તેમના જાદુના કરતબોથી પાટનગરવાસીઓને મંત્ર મુગ્ધ કર્યા હતા. ટાઉનહોલમાં યોજાયેલા તેમના તમામ શૉ હાઉસફૂલ કરી પાટનગરવાસીઓએ કે.લા. તરફનો પ્રેમ દર્શાવ્યો હતો. ૧૯૨૪માં રાજકોટ નજીક બગસરામાં જન્મેલા કાન્તિલાલ ગીરધારીલાલ વોરાએ જાદુના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો તે સાથે જ કે.લાલ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. સતત છ દાયકા સુધી દેશ-વિદેશમાં જાદુના હજ્જારો શૉ યોજનાર કે.લાલે તાજેતરમાં જ બિમાર હોવા છતાં તેમના પુત્ર હસુભાઈ સાથે મુંબઈમાં શૉ યોજ્યો હતો. તેમના પુત્ર હસુભાઈએ જણાવ્યુ હતુ કે કે.લાલને ઘણા લાંબા સમયથી મગજમાં નાની-મોટી ગાંઠ હોવાનં જાણવા મળ્યું હતું. નિદાન બાદ તે કેન્સરની હોવાનું માલુમ પડ્યુ હતું. તેમની સારવાર ચાલુ હતી તે દરમ્યાન થોડાક દિવસો અગાઉ તેમને સાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન ફેફસામાં ઈન્ફેક્શન અને કિડની ફેલ થઈ જતા તેમની સ્થિતિ ગંભીર બની હતી. આવી પરિસ્થિતિ વચ્ચે તેમને તેમના નિવાસસ્થાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું અવસાન થયું હતું.

# જિલ્લાની પાંચ બેઠકો પર સાત હજાર કર્મયોગીઓ ચૂંટણી ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૨૩

નવા સીમાંકન સાથે જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે યોજાનાર ચૂંટણી માટે સાત હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે.

જિલ્લામાં ૧૧૫૦ બુથ આ પાંચેય વિધાનસભા મતવિસ્તારના છે. આ સાત હજાર કર્મચારીઓને ફરજ સોંપણી અંગેના હુકમો જારી કરવામાં આવી રહ્યા છે અને આગામી માસના પ્રથમ સપ્તાહથી આ કર્મચારીઓની તાલિમની કામગીરીનો પણ આરંભ થઈ જશે.

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટે જરૂરી કર્મચારીબળની જરૂરિયાત બેંકો, જાહેર સાહસો અને સચિવાલયના જુદા જુદા વિભાગોમાંથી મેળવીને પુરી કરવામાં આવી રહી છે. જો કે જિલ્લામાં હજુ કેટલા પોલીસ દળના જવાનોની જરૂરિયાત રહેશે તે અંગે પ્રાથમિક કવાયતો ચાલી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ૧૧૫૦ મતદાન મથકો પર વ્યવસ્થા ઉભી કરવા સહિતની તમામ બાબતોની કાર્યયોજના તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે. પાંચેય બેઠકો માટે ૧૫૦ જેટલા ઝોનલ ઓફિસરોની નિમણુંક પણ કરી દેવામાં આવી છે.

મળતી વિગતોપ્રમાણે ૫૫૦૦ જેટલા કર્મચારીઓ તો મતદાનની પ્રક્રિયા માટે જ જરૂર પડશે. આ ઉપરાંત માઈક્રો ઓબ્ઝર્વર, ઓબ્ઝર્વરની ટીમો અને અન્ય જુદી

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ચૂંટણીપંચના વિનોદ ઝુત્સી આજે ગુજરાતમાં

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનર અને ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રભારી શ્રી વિનોદ ઝુત્સી આજથી બે દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી ઝુત્સીના આ બે દિવસના રાજ્યના પ્રવાસ દરમ્યાન તેઓ અમદાવાદ, ગાંધીનગર તેમજ ઉ. ગુજરાતના જિલ્લા કલેક્ટરો અને જિલ્લા પોલીસ વડાઓ સાથે સંયુક્ત બેઠક કરી ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા સાથે તેઓ મંગળવારે સમીક્ષા બેઠક કરનાર છે. શ્રી ઝુત્સી આ બે દિવસના રોકાણ દરમ્યાન પોલીસ અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ ચર્ચા વિચારણા કરનાર છે.

૨૬મીએ ચૂંટણી પંચે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે યોજેલ વિડીયો કોન્ફરન્સ પૂર્વે શ્રી ઝુત્સીના ગુજરાત આગમનને લઈ રાજ્યના રાજકીય વાતાવરણમાં ભારે ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે.

મળતી વિગતો પ્રમાણે શ્રી ઝુત્સીની આ મુલાકાત દરમ્યાન તેઓ જે કર્મચારીઓ ૩ વર્ષથી એક જ જગ્યા પર ફરજ બજાવે છે તેમની બદલીના મુદ્દે પણ સરકારના અધિકારીઓ સાથે પરામર્સ કરે તેવી શક્યતાઓ છે.

શ્રી ઝુત્સી આમ તો ગત સપ્તાહે ગુજરાતની મુલાકાતે આવવાના હતા પરંતુ છેલ્લી ઘડીએ તેમની મુલાકાત રદ થઈ હતી. શ્રી ઝુત્સી ગુજરાતમાં ક્ષતિ રહિત મતદારયાદી તૈયાર કરવા સહિતની ઘણી બધી બાબતોને લઈ ગુજરાતની ચૂંટણી અંગેનું મોનીટરીંગ કરી રહ્યા છે. તેઓ રાજ્યના ચાર થી પાંચ વાર પ્રવાસે આવી ગયા છે. એટલુ જ નહિ તેમણે તૈયારીની સમીક્ષાને લઈ ઝોનવાર બેઠકો પણ અધિકારીઓ સાથે કરી છે.



ભાદરવી પુનમ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ પદયાત્રીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. રવિવારે દિવસભર પદયાત્રીઓ ગાંધીનગરના મુખ્ય માર્ગો પર જોવા મળ્યા હતા. (તસવીર : દિપક જાની)


